કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ
કાર્યાલય, જિલ્લોઃ અરવલ્લી

સત્યમેવ જયતે

જિલ્લા સેવા સદન શામળાજી રોડ, મોડાસા
મુ.મોડાસા, જિ.અરવલ્લી-૩૮૩૩૧૫
ફોન.નં. (૦૨૭૭૪) ૨૫૦૨૦૦,૨૫૦૨૦૩
ફેક્સ નં. (૦૨૭૭૪) ૨૫૦૨૦૨
Email-collector-arv@gujarat.gov.in

<u>ચૂંટણી/તાત્કાલિક</u>

નં.ચૂંટણી/સ્વરાજ્યના એકમો/સ્ટેશનરી-સાધન સામગ્રી/વશી/૫૪૫/૨૦૨૬ તા.૦૩/૦૪/૨૦૨૬

વંચાણમાં લીધું :

(૧) સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ,સચિવાલય,ગાંધીનગરના પત્ર ક્રમાંક: ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૪૨૦૨૬-૯૪૧૯ થી ૯૫૪૯ તા.૦૧/૦૪/૨૦૨૬
(૨) અત્રેની કચેરીના આદેશ નં. ઈએલસી/સ્ટેશનરી/હુકમ/વશી/૦૪/લો.સા.ચૂ.-૨૦૨૪,તા.૦૩/૦૪/૨૦૨૪
(૩) પ્રોપરાઇટરશ્રી, એકતા ઓફસેટ, નડીયાદ જિ.ખેડાનાઓનો તા.૦૩/૦૪/૨૦૨૬ નો સંમતિ પત્ર

વર્ક ઓર્ડરઃ-

આમુખ (૧) થી સ્થાનિક સ્વરાજયની ચૂંટણી યોજવા અંગે કાર્યક્રમ બહાર પાડવામાં આવેલ છે. જેમાં અત્રેના જિલ્લામાં ન.પા. તથા જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણીઓ યોજાનાર છે. જે ચૂંટણી કાર્યક્રમમાં સબંધિત ચૂંટણી અધિકારીશ્રીઓને જરૂરી સ્ટેશનરી તથા સાધન સામગ્રી પુરી પાડવાની થાય છે. સદરહુ ચૂંટણીઓમાં સ્ટેશનરી તથા સાધન સામગ્રી સમયસર ચૂંટણી અધિકારીશ્રીઓને મળી રહે તે હેતુથી એજન્સીની નકકી કરવાની થાય છે.

સદરહું સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ જાહેર થતાં કામગીરીની અગત્યતાને ધ્યાનમાં લઈ સમયમર્યાદામાં ઓનલાઈન GeM Portal દ્વારા ટેન્ડરની કામગીરી પૂર્ણ થઈ શકે તેમ ન હોય લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ માં આપવામાં આવેલ એજન્સીને વર્ક ઓર્ડર આપવાનો થાય છે.

આમુખ-૨ ના તા.૦૩/૦૪/૨૦૨૪ ના હુકમની વિગતે આંતરીક કમિટિ ધ્વારા સ્ટેશનરી માટે નકકી કરવામાં આવેલ સ્પેશિફિકેશન આધારે GeM portal પર ટેન્ડરની ઓનલાઈન પ્રકિયા તા.૨૯/૦૧/૨૦૨૪ થી તા.૧૨/૦૨/૨૦૨૪ સુધી હાથ ધરવામાં આવેલ હતી. જેમાં એકતા ઓફસેટ નડીયાદ, જિ.ખેડા એજન્સીને આમુખ-૨ ના હુકમથી લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪માં સ્ટેશનરી પુરી પાડવા વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. જે વર્ક ઓર્ડરમાં દર્શાવેલ ભાવોમાં કામગીરી કરવા આમુખ-૩ થી એકતા ઓફસેટ નડીયાદ, જિ.ખેડાએ સંમિત આપેલ છે.

આમ, ન.પા. તથા જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણીઓના કામે અત્રેની કચેરીના આમુખ-૨ ના તા.૦૩/૦૪/૨૦૨૪ ના વર્ક ઓર્ડરમાં નકકી થયેલ ભાવો અને શરતો અને નીચેની વધારાની શરતોને આધિન ન.પા. તથા જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણીઓ માટે સ્ટેશનરી/ લેખન સામગ્રી પુરી પાડવા એકતા ઓફસેટ નડીયાદ, જિ.ખેડાને વર્ક ઓર્ડર આપવા આથી આદેશ આપવામાં આવે છે.

શરતોઃ-

(૧) આમુખ-૨ ના હુકમમાં દર્શાવેલ ભાવો મુજબ સ્ટેશનરી/લેખન સામગ્રી પુરી પાડવાની રહેશે તેમજ આમુખ-૨ના હુકમની શરતો મુજબની ચુસ્તપણે અમલવારી કરવાની રહેશે.
(૨) ચૂંટણીના સબંધિત ચૂંટણી અધિકારીશ્રીઓ દ્વારા સબંધિત પેઢીને તેઓની જરૂરિયાતના પ્રમાણમાં ડીમાન્ડ લેટર મળેથી તે મુજબની સ્ટેશનરી સમયમર્યાદામાં પુરી પાડવાની રહેશે.
(૩) નગરપાલિકાઓની ચૂંટણીઓ માટે પુરી પાડવાની થતી સ્ટેશનરી /લેખન સામગ્રીનુ બિલ અલગથી બનાવવાનુ રહેશે.
(૪) વર્ક ઓર્ડર સબંધી કોઇ પણ ભાવ, માલસામાન, ગુણવત્તા,ડીલીવરી, કે રીજેકશન સબંધી કોઇ પણ વિવાદ ઉપસ્થિત થશે તો જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર અરવલ્લીનો નિર્ણય આખરી ગણાશે.

(૫) વર્ક ઓર્ડરની કોઇ પણ શરતનો ભંગ થયેથી જરૂરી પેનલ્ટી લગાવવાનો, એક પક્ષિય કરાર રદ કરવાનો અધિકાર જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર અરવલ્લીને અબાધિત રહેશે અને ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે અને એજન્સી સામે તે બદલ નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

(૬) સરકારશ્રીની સુચનાઓ,અદાલતી ચુકાદાઓના કારણોસર કે અનિવાર્ય કારણોસર કોન્ટ્રાકટ ગમે ત્યારે એક તરફી સમાપ્ત કરવાનો અધિકાર જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર અરવલ્લીને રહેશે.

(૭) નિયમોનુસાર / કાયદાનુસાર ભરવાપાત્ર ઇન્કમટેક્ષ / અન્ય ટેક્ષ એજન્સીએ ભરવાના રહેશે.

(૮) એજન્સીને નિયમોનુસાર/કાયદાનુસાર ભરવાપાત્ર ટી.ડી.એસ./જી.એસ.ટી.ની રકમ કપાત કરી ત્યારબાદ જ બિલ ચુકવવાનું રહેશે.

(૯) સદરહુ વર્ક ઓર્ડરનો હુકમ મળ્યેથી એજન્સીએ દિન-૭ માં રૂા.૩૦૦/- ના સ્ટેમ્પ પર નિયત નમુનામાં કરારનામુ કરી રજુ કરવાનું રહેશે.

(૧૦) સદરહું ઓર્ડર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી-૨૦૨૬ પુરતો અમલમાં રહેશે.

જિલ્લા ચૂંટણી અધિકારી
અને કલેકટર અરવલ્લી

પ્રતિ,

પ્રોપરાઇટરશ્રી,

એકતા ઓફસેટ પ્રા.લિ.,

૯/બી, સાધના સોસાયટી,

પેટલાદ રોડ, નડીયાદ-૩૮૭૦૦૧.

**નકલ સવિનય રવાના:** સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, બ્લોક નં.૯, છઠ્ઠો માળ, સચિવાલય ગાંધીનગર તરફ જાણ સારૂ.

**નકલ રવાના:** (૧) પ્રાંત અધિકારીશ્રી, મોડાસા/બાયડ તરફ જાણ-વ-અમલ સારૂ.

(૨) મામલતદારશ્રી, મોડાસા/ભિલોડા/મેઘરજ/બાયડ/માલપુર/ધનસુરા/શામળાજી/સાઠંબા તરફ

૨/- જાણ તેમજ સબંધિત એજન્સીને જરૂરી સામગ્રીનો ડીમાન્ડ લેટર અચૂક મોકલી તેની જાણ અત્રેને કરવાની રહેશે.ત્યારબાદ એજન્સી દ્વારા આપવામાં આવેલ બિલોની ચકાસણી કરી ચુકવણી કરવાની રહેશે.

(૩) ચૂંટણી અધિકારીશ્રી/મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, (તમામ) તરફ જાણ-વ-અમલ સારૂ.

મજબૂત લોકશાહી – સૌની ભાગીદારી
જિલ્લા ચૂંટણી અધિકારી અને
કલેકટરની કચેરી
જિલ્લા સેવા સદન, શામળાજી રોડ,
મુ૩૮૩૩૧૫–અરવલ્લી.જિ ,મોડાસા.
ફોન નં૨૫૦૨૧૯–૦૨૭૭૪.
ફેક્સ નં૨૫૦૨૦૧–૦૨૭૭૪.
Email:dydeoarv@gmail.com

चुनाव का पर्व DESH KA GARV

નં.ઈએલસી/સ્ટેશનરી/હુકમ/વશી/૦૪/ લો.સા.ચૂં.–૨૦૨૪ તા. ૦૩/૦૪/૨૦૨૪

**વંચાણે લીધા:**

(૧) મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીના પત્ર ક્રમાંકઃ બીજીટી/૧૦૨૩/૪૮૮/છ તા. ૨૬/૦૨/૨૦૨૪
(૨) અત્રેની કચેરીના બીડ નં. ઈલેક્શન/સ્ટેશનરી/બીડ/નં.૦૪/૨૦૨૪
(૩) GeM Portal Bid no: GEM/2024/B/4546154, Dt:29-01-2024

**આદેશઃ–**

આમુખ–(૧) અન્વયે આપેલ સુચના મુજબ આમુખ–(૨)માં જણાવેલ વિગતે લોકસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૪ના કામે અત્રેના જિલ્લા કક્ષાએ તથા ૩૦–ભિલોડા, ૩૧–મોડાસા અને ૩૨–બાયડ વિધાનસભા મતવિસ્તારમાં ચૂંટણીલક્ષી સ્ટેશનરી પૂરી પાડવાની કામગીરી કરાવવા એજન્સી નકકી કરી ભાવ નકકી કરવાના થતાં હોઈ અત્રેના ઈ–ટેન્ડર બીડ નં. ઈલેક્શન/સ્ટેશનરી/બીડ/નં.૦૪/૨૦૨૪ થી GeM Portal પર GEM/2024/B/4546154, Dt:29-01-2024 થી ઈ–ટેન્ડર નોટીસ પ્રસિધ્ધ કરી ઓનલાઇન ભાવ પત્રકો મંગાવવામાં આવેલ હતા.

આમુખ–(૩) ની વિગતે અત્રેની તા.૨૯/૦૧/૨૦૨૪ની ઈ–ટેન્ડર નોટીસ મુજબ GeM Portal પર ઓનલાઇન ટેન્ડરની છેલ્લી અવધિ તા.૧૨/૦૨/૨૦૨૪ હતી. ઈ–ટેન્ડરની અવધિ પૂર્ણ થતાં સદરહુ બીડમાં કુલ ૭ (સાત) એજન્સીઓ દ્વારા ભાગ લેવામાં આવેલ છે, (૧) એ.આર.સ્ટેશનરી માર્ટ મહેસાણા (૨) ભગવતી પ્રિન્ટીંગ પ્રેસ હિંમતનગર (૩) એકતા ઓફસેટ પ્રા. લી., નડીયાદ–ખેડા (૪) ખેની એન્ટરપ્રાઈઝ, સુરત (૫) M/S Mokmoni Enterprise Mumbai (૬) આર.કે.કોર્પોરેશન, મોડાસા (૭) શિવમ બુક સ્ટોર્સ, હિંમતનગર. તા.૨૮/૦૨/૨૦૨૪ના રોજ યોજાયેલ આંતરિક સમિતિની બેઠકમાં બીડમાં ભાગ લીધેલ તમામ એજન્સીઓના ટેકનીકલ બીડ ખોલવામાં આવેલ અને (૧) ભગવતી પ્રિન્ટીંગ પ્રેસ હિંમતનગર (૨) ખેની એન્ટરપ્રાઈઝ (૩) M/S Mokmoni Enterprise Mumbai (૪) આર.કે.કોર્પોરેશન મોડાસાઓને ખુટતા આધાર–પુરાવા GeM પોર્ટલ પર ઓનલાઇન રજુ કરવા ૪૮ કલાકનો સમયગાળો આપવામાં આવેલ હતો. ત્યારબાદ તા. ૦૨/૦૩/૨૦૨૪ના રોજ યોજાયેલ આંતરિક સમિતિની બેઠકમાં ઉકત જણાવેલ એજન્સીઓ પૈકી (૧) ભગવતી પ્રિન્ટીંગ પ્રેસ હિંમતનગર (૨) ખેની એન્ટર પ્રાઈઝ, સુરત (૩) M/S Mokmoni Enterprise Mumbai (૪) આર.કે.કોર્પોરેશન મોડાસા (૫) શિવમ બુક સ્ટોર્સ હિંમતનગર દ્વારા સમયમર્યાદામાં આધાર પુરાવા રજુ ન થતાં આંતરિક સમિતિ દ્વારા ગેરલાયક ઠરાવવામાં આવેલ હતા તેમજ (૧) એ.આર.સ્ટેશનરી માર્ટ મહેસાણા (૨) એકતા ઓફસેટ પ્રા.લી નડીયાદ ખેડા (૩) શિવમ બુક સ્ટોર્સ હિંમતનગરને લાયક જાહેર કરી ફાયનાન્સિયલ બીડ ખોલવા માટે DPC (ખાતાના વડા કક્ષની ખાતાકીય ખરીદ સમિતિ) સમક્ષ રજૂ કરવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવેલ.

જે સંદર્ભે તા.૧૧/૦૩/૨૦૨૪ના રોજ યોજાયેલ DPC (ખાતાના વડા કક્ષાની ખાતાકીય ખરીદ સમિતિ)ની બેઠકમાં ફાયનાન્સિયલ બીડ ખોલવામાં આવતા નીચે મુજબની વિગતો ધ્યાને આવેલ છે.

| અનુ. નં. | ટેન્ડરની વિગત | કોલમ નં. ૨માં જણાવેલ ટેનડરમાં (GeMપોર્ટલ પર) ભાગ લીધેલ એજન્સીઓ પૈકી ફાયનાન્સીયલ બીડ ખોલવા માટે લાયક થયેલ એજન્સીની વિગત | એજન્સીઓના આવેલ રેંકની વિગત | રીમાર્ક્સ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | સ્ટેશનરીની કામગીરી બાબત | ૧. એકતા ઓફસેટ પ્રા. લી. નડીયાદ–ખેડા | L1 | |
| | | ૨. એ.આર.સ્ટેશનરી માર્ટ મહેસાણા | L2 | |
| | | ૩. શિવમ બુક સ્ટોર્સ હિંમતનગર | L3 | |

આમ, ઉક્ત વિગત L1 એજન્સી એકતા ઓફસેટ પ્રા. લી. નડીયાદ–ખેડાને રજૂ કરેલ ભાવમાં કામગીરી કરવા અંગેની સ્પષ્ટતા મેળવવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવેલ, જે સંદર્ભે તા.૧૬/૦૩/૨૦૨૪ ના રોજ ૧૭.૦૦ કલાકે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી અરવલ્લીની અધ્યક્ષતામાં યોજાયેલ બેઠકમાં સ્ટેશનરીની કામગીરી અંગેના ટેન્ડરમાં L1 થયેલ એજન્સીએ રજુ કરેલ ભાવમાં સંતોષકારક કામગીરી કરવા બાંહેધરી આપેલ હોઇ L1 એજન્સી એકતા ઓફસેટ પ્રા.લી નડીયાદ–ખેડાને નીચે મુજબ રજૂ થયેલ ભાવોએ વર્ક ઓર્ડર આપવાનું નક્કી થયેલ.

| Sr. No. | Election Stationary/ Material | Unit for Rate | Rate | Estimated Quantity | Total Value (4x5=6) |
|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 |
| 1 | Araldite Adhesive Tape (20 g.m.) | 1unit | 1.5 | 1260 | 1890 |
| 2 | Balls of Thick String | 1 unit = 100 gram | 18 | 1270 | 22860 |
| 3 | Balls of Thin String | 1 unit = 100 gram | 17 | 1410 | 23970 |
| 4 | Blade (Topaz or equivelent) | 1 Packet (10 units) | 8 | 185 | 1480 |
| 5 | Button Folder File | 1 unit | 4 | 1200 | 4800 |
| 6 | C.D. 700 M.B. ( Sony/ Moserbaer or equivelent) (with recordable cover) | 1 box (100 Nos.) | 850 | 35 | 29750 |
| 7 | C.D. 700 M.B. Rewritable ( Sony/ Moserbaer or equivelent) | 1 box (100 Nos.) | 950 | 40 | 38000 |
| 8 | C.D. Marker Pen (Permenant) (Any Color) | 1 unit | 5 | 1200 | 6000 |
| 9 | C.D. Marker Pen (Temporary) (Any Color) | 1 unit | 5.5 | 1200 | 6600 |
| 10 | Candle Big size | 1 unit | 1.5 | 2660 | 3990 |
| 11 | Candle Small size | 1 unit | 1.1 | 105 | 115.5 |
| 12 | Carbon Paper | 1 box(100 units) | 115 | 41 | 4715 |
| 13 | Cello Tape (Trasparent Plastic) | 1unit | 10 | 1333 | 13330 |
| 14 | Chock Stick | 1 unit | 5 | 3420 | 17100 |
| 15 | Clip Box | 1 unit | 10 | 12700 | 127000 |
| 16 | Cloth (for binding Office Files/Papers/Records etc.) | 1 meter | 28 | 235 | 6580 |
| 17 | Cutter Big size | 1 unit | 2.25 | 100 | 225 |
| 18 | Cutter Medium size | 1 unit | 1.75 | 100 | 175 |
| 19 | D.V.D. 4 G.B. ( Sony/ Moserbaer or equivelent) (with recordable cover) | 1 box (100 Nos.) | 1000 | 35 | 35000 |
| 20 | D.V.D. 4 G.B. Rewritable ( Sony/ Moserbaer or equivelent) | 1 box (100 Nos.) | 1000 | 40 | 40000 |
| 21 | Empty Tobacco Tins for keeping Indelible ink bottle | 1unit | 4 | 1260 | 5040 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 22 | Envelopes Black (A4 size) (Print with Polling Station Name and Number) | 1 unit | 8 | 2560 | 20480 |
| 23 | Envelopes White (10inchx4.5inch) | 1 unit | 0.5 | 6300 | 3150 |
| 24 | Envelopes White (15inchx6inch) | 1 unit | 1 | 1740 | 1740 |
| 25 | Envelopes White (8inchx4.5inch) | 1 unit | 0.75 | 6300 | 4725 |
| 26 | Eraser | 1unit | 0.6 | 1100 | 660 |
| 27 | File Cover (Brown Paper) | 1 unit | 1 | 500 | 500 |
| 28 | File Cover (Thick Cardboard) | 1 unit | 2 | 100 | 200 |
| 29 | Fileless tag (Green) | 1 Pack (100 Nos) | 9 | 1100 | 9900 |
| 30 | Fileless tag (White) | 1 Pack (100 Nos) | 10 | 1100 | 11000 |
| 31 | Gum Paste Bottle | 1 unit | 5 | 1110 | 5550 |
| 32 | Gum Stick | 1 unit | 3 | 1110 | 3330 |
| 33 | Hemp bag | 1 unit | 140 | 500 | 70000 |
| 34 | I Card With Cover-Dori | 1 unit | 5 | 3800 | 19000 |
| 35 | Ink Bottle (blue ink, For Stamp Pad) | 1 unit | 6 | 3230 | 19380 |
| 36 | Kathi String | 1 unit = 200 gram | 17 | 1270 | 21590 |
| 37 | Marker pen (Permenant) (Any Color) | 1 unit | 5 | 1200 | 6000 |
| 38 | Marker pen (Temporary) (Any Color) | 1 unit | 5.5 | 1200 | 6600 |
| 39 | Match Box | 1 box (10 units) | 9 | 136 | 1224 |
| 40 | Needle | 1 units | 0.75 | 1110 | 832.5 |
| 41 | Paper Cutter (auto locking system) | 1 unit | 5.5 | 1268 | 6974 |
| 42 | paper for packing (Khakhi) | 1 reem | 350 | 413 | 144550 |
| 43 | Paper Pin (Tachani) | 1 packet (100 gram) | 12 | 355 | 4260 |
| 44 | Pen (disposable) | 1 unit | 1 | 1110 | 1110 |
| 45 | Pen Cello Finegrip Montex Blue Ball Pen or equivelent | 1 unit | 3 | 3010 | 9030 |
| 46 | Pencil | 1 unit | 1.3 | 1700 | 2210 |
| 47 | Plastic Bag (D handle) | 1 k.g.rate | 95 | 180 | 17100 |
| 48 | Plastic Coated U-pin | 1 Packet (10 units) | 9 | 1110 | 9990 |
| 49 | Plastic File with clip A4 size | 1 unit | 10 | 1110 | 11100 |
| 50 | Plastic File with clip Legal size | 1 unit | 12 | 300 | 3600 |
| 51 | Plastic Folder File | 1 unit | 10 | 270 | 2700 |
| 52 | Poker (with Wooden Hand) | 1 unit | 7 | 100 | 700 |
| 53 | Printer Cartridge (Brother) | 1 unit | 575 | 3 | 1725 |
| 54 | Printer Cartridge (Cannon) | 1 unit | 575 | 5 | 2875 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 55 | Printer Cartridge (H P Laserjet) | 1 unit | 575 | 5 | 2875 |
| 56 | Printer Cartridge (Panasonic) | 1 unit | 575 | 3 | 1725 |
| 57 | Rubber Band Nylon - 2" | 1 k.g. | 180 | 100 | 18000 |
| 58 | Rubber Band Nylon - 4" | 1 k.g. | 180 | 100 | 18000 |
| 59 | Safety Pin (1.5 inch) | 1 bunches (12 units) | 2.91 | 3320 | 9661.2 |
| 60 | Seagate & Equivelent Hard Disk (2TB storage) | 1 unit | 1800 | 36 | 64800 |
| 61 | Sealing wax 8*10*160 mm | 1 box (20 sticks) | 55 | 560 | 30800 |
| 62 | Sharpener | 1 unit | .75 | 70 | 52.5 |
| 63 | Sketch pen | 1 packet | 8 | 35 | 280 |
| 64 | Spunj | 1 unit | 3 | 70 | 210 |
| 65 | Stamp Pad (blue ink) | 1 unit | 18 | 1230 | 22140 |
| 66 | Steplor Big | 1 unit | 44 | 20 | 880 |
| 67 | Steplor Pin BIG | 1 packet | 6 | 70 | 420 |
| 68 | Steplor Pin SMALL | 1 packet | 6 | 70 | 420 |
| 69 | Steplor Small | 1 unit | 44 | 85 | 3740 |
| 70 | Stickers A4 size (Any Color) | 1 unit | 3.4 | 1150 | 3910 |
| 71 | Stitched Polythin bag to keep polling booth stationary | 1 unit | 18 | 1275 | 22950 |
| 72 | Twine | 20 mtr.of 1 unit | 18 | 1095 | 19710 |
| 73 | White Board Duster | 1 unit | 15 | 35 | 525 |
| 74 | White Paper A4 size (TNPL 75 GSM) | 1 box (10 rim) | 218 | 160 | 34880 |
| 75 | White Paper Legal size (TNPL 75 GSM) | 1 box (10 rim) | 280 | 13 | 3640 |

આમ, લોકસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૪ના કામે અરવલ્લી જિલ્લામાં જિલ્લા કક્ષાએ તથા જિલ્લામાં સમાવિષ્ટ ૩૦–ભિલોડા,૩૧–મોડાસા અને ૩૨–બાયડ વિધાનસભા મતદાર વિભાગ માટે કરવાની થતી સ્ટેશનરીની સેવા પુરી પાડવા **એકતા ઓફસેટ પ્રા. લી. નડીયાદ–ખેડાને** ઉપર જણાવ્યા મુજબની આઈટમોના કામગીરીના તે સામે દર્શાવેલ ભાવો મુજબ સ્ટેશનરીની કામગીરી કરવા ટેન્ડરમાં દર્શાવેલ શરતોને આધિન ટેન્ડર મંજુર કરવા આથી આદેશ કરવામાં આવે છે.

બિડાણ : શરતો

**જિલ્લા ચૂંટણી અધિકારી**
**અને કલેકટર અરવલ્લી**

પ્રતિ,
પ્રોપ્રાઈટરશ્રી,
એકતા ઓફસેટ પ્રા.લી. નડીયાદ ખેડા

**નકલ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂઃ–**

- મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી....................(તમામ)
- મામલતદારશ્રી..................(તમામ)